ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૭ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં જલારામ બાપાની જન્મજયંતિની ભવ્ય ઉજવણી

## જલારામધામથી ભવ્ય શોભાયાત્રા નીકળી, સે-૭ ભોજલરામ મંદિર પહોંચી હતી

ગાંધીનગર, તા.૧૪

શ્રી જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આજરોજ ૨૧૯ માં જલારામ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જલારામ ધામ સેકટર-૨૯ ખાતે શોભાયાત્રા, મહાઆરતી અને અન્નકુટ દર્શન અને અખંડ ધુનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ ધાર્મિક કાર્યક્રમને પગલે જલારામ ધામ ખાતે અનોખો ધાર્મિક માહોલ સર્જાયો હતો. જયારે સવારે ૮ કલાકે જલારામ ધામ થી સેકટર-૭ ખાતે ભોજલરામ મંદિર સુધી ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં હજ્જારો ભકતો જોડાયા હતા. ગીત સંગીતના તાલે ભકતો નાચ-ગાન કરતા સે-૭ ભોજલરામ મંદિર પહોંચ્યા હતા અને ત્યાંથી વિરામ બાદ પરત જલારામ ધામ પહોંચ્યા હતા.





ગાંધીનગર શહેરના સુપ્રસિધ્ધ જલારામ ધામ ખાતે આજે જલારામ બાપાની ૨૧૯મી જન્મજયંતિ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સવારે ૬.૪૫ કલાકથી સાંજના ૬.૪૫ સુધી અખંડ ધુન ભકતો દ્વારા યોજાઈ હતી. તો બીજી તરફ સવારના ૮ કલાક થી બાપાની ભવ્ય શોભાયાત્રા શહેરના ઘ માર્ગ પર નીકળી હતી જેમાં હજ્જારો ભકતો જોડાયા હતા. વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રા નગરજનોનું આકર્ષણનું કેન્દ્ર બની હતી.જયારે ઘ-૫ ખાતે શોભાયાત્રાના ભકતો માટે સેવાકેન્દ્રની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. શોભાયાત્રા સે-૭ ભોજલરામ મંદિર પહોંચીને વિરામ બાદ જલારામ ધામ પરત ફરી હતી. જયારે સવારે હર્ષદભાઈ જોબનપુત્રાના હસ્તે પૂ.બાપાની પૂજનવિધી કરાઈ હતી, તો સાંજે ૪ થી રાત્રે ૯ કલાક સુધી અન્નકુટ દર્શનનો લાભ ભકતોએ લીધો હતો. જલારામ ધામ દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોને પગલે અનોખો ધાર્મિક માહોલ જામ્યો હતો. જયારે બાપાની જન્મજયંતિ હોવાથી દિવસ દરમિયાન જલારામ ધામ ખાતે ભકતોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. જયારે સાંજે ૬.૪૫ કલાકે મહારઆરતીનું આયોજન કરાયું હતું, જેમાં હજ્જારો ભકતોએ આરતી દર્શનનો લ્હાવો લીધો હતો. સાંજે સૌ ભકતોએ મહાપ્રસાદ ગ્રહણ કરીને છુટા પડ્યા હતા.

# પથિકાશ્રમથી રૂપાલ જવા ઈકો ગાડીમાં બેસાડી મુસાફરને લૂંટી લેવાયો

## અમરેલીથી યુવાન રૂપાલ મંદિરે દર્શન કરવા જતો હતો : મુસાફર તરીકે બેસાડી મધરાત્રે ઈકો ચાલકે ચાર અવાવરૂ જગ્યાએ લઈ જઈ યુવાનને લૂંટી લીધો

ગાંધીનગર, તા. ૧૪

અમરેલી જિલ્લાના લાઠી વિસ્તારમાં રહેતો યુવાન બે દિવસ પહેલા ગાંધીનગર આવ્યો હતો અને રાત્રે પથિકાશ્રમ ઉતરીને ત્યાંથી ઈકો ગાડીમાં રૂપાલ મંદિરે દર્શન કરવા જવા માટે બેઠો હતો. ઈકો ચાલક અને તેના સાગરીતે મળીને કાર અવાવરૂ જગ્યાએ લઈ જઈ અમરેલીના યુવાનને છરાથી કિડની કાઢી લેવાની ધમકી આપી લૂંટી લીધો અને ત્યાં જ રસ્તામાં ફૅંકી દઈ ઈકો લઈને બંને શખ્સો રફુચક્કર થઈ ગયા હતા. મધરાત્રે લૂંટનો ભોગ બનેલો યુવાન ચાલતો ચાલતો માંડ પોલીસ સ્ટેશન શોધીને પોલીસ પાસે પહોંચ્યો પરંતુ પોલીસે તેની ફરિયાદ ન લીધી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ અમરેલી જિલ્લાના લાઠી વિસ્તારમાં રહેતા કમલેશભાઈ મૂળજીભાઈ ડોડીયા બે દિવસ પહેલા બસ મારફતે ગાંધીનગર આવ્યા હતા. રાત્રે બારેક વાગ્યે ગાંધીનગર પથિકાશ્રમ પાસે ઉતરીને કમલેશભાઈ ડોડીયા રૂપાલ મંદિરે દર્શન કરવા જવા માટે વાહન શોધતા હતા. એટલામાં એક ઈકો ગાડી તેમની પાસે આવી હતી અને ઈકો ગાડીના ચાલકે રૂપાલ જવા સંમતિ આપતા કમલેશભાઈ ભાડુ નક્કી કરીને ઈકોમાં બેસી ગયા હતા. ઈકો ગાડીમાં ડ્રાઈવર સહિત બે શખ્સો બેઠા હતા. રૂપાલ તરફ જવાનું કહીને ગાડી અવાવરૂ જગ્યાએ લઈ ગયા અને રાત્રે પોણા એક વાગ્યાના અરસામાં અવાવરુ જગ્યાએ ગાડી ઉભી રાખી યુવાનને લૂંટી લીધો હતો. ગાડીમાં છરા પડ્યા છે કિડની કાઢી લઈશું તેમ કહીને ધમકી આપી બંને લુટારું તત્વોએ કમલેશભાઈ ના ગળામાં પહેરેલી સોનાની ચેન(પેન્ડલ સાથે), સોનાની વિંટી, મોબાઈલ અને રૂપિયા પાંચ હજાર રોકડ ભરેલું પાકીટ ખેંચી લઈ લૂંટ ચલાવી કમલેશ ભાઈને અંધારામાં ફૅંકી ઈકોમાં આવેલા બંને લુંટારુઓ ભાગી ગયા હતા.

લૂંટનો ભોગ બનેલા કમલેશભાઈ માંડ રાત્રે ચાલતાં ચાલતાં પોલિસ સ્ટેશન શોધીને પોલીસ પાસે પહોંચ્યા હતા. પોલીસે કમલેશ ભાઈને સીસીટીવી ફૂટેજ બતાવ્યા અને બનાવ બન્યો તે સ્થળે પણ લઈ ગયા પરંતુ માત્ર અરજી લઈને અમરેલી રવાના કરી દીધા હોવાનું જાણવા મળ્યું છે. જોકે પોલીસે માનવતા રાખીને કમલેશ ભાઈને અમરેલી જવા માટેનું ભાડું આપ્યુ હોવાનું પણ જાણવા મળ્યું છે.





વેકેશન એટલે બાળકોને પ્રવાસની મજા... ગાંધીનગરની એસ.વી.એસ.જી. અંગ્રેજી માધ્યમિક પ્રાથમિક શાળાના ૩૫૦ બાળકોએ વડોદરાનો પ્રવાસ કર્યો હતો. જેમાં તેમણે મ્યુઝીયમ, પ્રાણી સંગ્રહાલય તથા કમાટીબાગ વગેરેની મુલાકાતને માણી હતી.

# સિવિલમાં ઉંદરોનો ત્રાસ યથાવત

## વિવિધ સ્થળો પર પાંજરા ગોઠવાશે

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી ઉંદરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. ઉંદરોના ત્રાસથી કોમ્પ્યુટર તેમજ ફોનના વાયરને પણ ભારે માત્રામાં નુકશાન થવા પામે છે. ત્યારે સિવિલના એનઆઈસીયુ, પીઆઈસીયુ, આઈસીયુ, સ્પેશીયલ વોર્ડ, લેબરવોર્ડ, ઓપરેશન થિયેટર સહિત વિવિધ વોર્ડમાં ઉંદરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. જેથી તાત્કાલીક અસરથી ઉંદરોના ત્રાસને નિયંત્રણ કરવા માટે સિવિલ સુપ્રિટેન્ડન્ટે ખાનગી એજન્સીને સુચના આપી છે. જેને પગલે ખાનગી એજન્સીએ ઉંદરોને નિયંત્રણ કરવા માટે વિવિધ સ્થળો પર પાંજરા ગોઠવવા માટે પોઈન્ટ નક્કી કર્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉંદરોએ હાહાકાર મચાવ્યો છે. દર્દીઓ તેમજ મુલાકાતીઓ રાત્રીના સમયે ઉંદરોના ત્રાસથી શાંતિથી સુઈ પણ શકતા નથી. તો બીજી તરફ ઉંદરો ફોન તેમજ કોમ્પ્યુટરના વાયરો કાંપી નાંખતા સ્ટાફના કર્મચારીઓ હેરાન પરેશાન થઈ જાય છે. સિવિલ તંત્રને હજ્જારો રૂપીયા નુકશાન વેઠવાનો વારો આવે છે. અગાઉ પણ ઉંદરોના ત્રાસ વધી જતા તંત્રએ પાંજરા ગોઠવીને નિયંત્રણમાં કર્યા હતા. ત્યારે હવે ફરીવાર ઉંદરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. સિવિલના નાના બાળકોના એનઆઈસીયુ, પીઆઈસીયુ, આઈસીયુ, સ્પેશીયલ વોર્ડ, ઓપરેશન થિયેટર, લેબર વોર્ડ, સહિત આઠમાળની ઈમારતમાં આવેલા વોર્ડમાં ઉંદરનો ત્રાસ રહેલો છે. વિવિધ વોર્ડના કર્મચારીઓ તરફથી વારંવાર લેખિત તેમજ મૌખિક તંત્રનું ધ્યાન પણ દોરવામાં આવ્યું છે. જેથી તંત્ર સફાળુ જાગી જતા તાત્કાલીક અસરથી ઉંદરોના ત્રાસને નિયંત્રણમાં કરવા માટે જરુરી સુચના આપી દેવામાં આવી છે. ત્યારે ઉંદરોને નિયંત્રણમાં કરવા માટે પાંજરા પણ મંગાવી દેવામાં આવ્યા છે અને તેના પોઈન્ટ પણ નક્કી કરી દેવાયા છે. ત્યારે ટુંક સમયમાં સિવિલમાંથી ઉંદરો પાંજરે પુરાશે અને ત્રાસ ઘટશે.

### લોહાણા યુવા સંગઠન દ્વારા વીરપુર પદયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૧૪

લોહાણા યુવા સંગઠન ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીનગરથી વીરપુર સુધીની ૨૨મી પદયાત્રાનું આયોજન તા. ૧૬મી નવેમ્બરથી તા. ૨૫મી નવેમ્બર સુધી કરવામાં આવેલ છે.

પદયાત્રામાં સામેલ થવા ઈચ્છુક પદયાત્રીઓને પ્રવેશફોર્મ અને માહિતી ભરતભાઈ ઠકકર-પ્રમુખ, જીગ્નેશભાઈ ઠકકર-કન્વીનર-મો. ૯૮૨૫૪ ૭૦૦૪૪, હેમંતભાઈ પોપટ-મો. ૯૪૨૮૩૫૪૨૨૦, વિનોદભાઈ ઉદેચા-મો. ૯૮૯૮૦ ૬૨૨૦૯, ગિરીશભાઈ ઠકકર મો. ૯૮૯૮૫ ૯૫૫૦૭ તથા રાજેશભાઈ ઠકકર મો. ૯૮૨૪૮ ૫૦૧૧૫ પરથી મળી શકશે.



ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે નૂતન વર્ષ નિમિતે વસાહતી ભાઈ બહેનોનો સ્નેહમિલન સમારોહ સેકટરના પ્રમુખ જયેશ આગજાના નિવાસ સ્થાને તાજેતરમાં યોજાયો હતો. જેમાં સેકટરમાં વસવાટ કરતા ભાઈ બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સેકટરના વસાહતીઓએ પ્રાસંગિક પ્રવચન આપ્યા હતા અને સેકટરના પ્રમુખ દ્વારા કરવામાં આવેલા કાર્યોની નોંધ લીધી હતી. જયારે આગામી સેકટરના કાર્યોમાં એક સંપ થઈને મદદ કરવા પણ વસાહતીઓએ તત્પરતા દર્શાવી હતી. જયારે સેકટર પ્રમુખ જયેશ આગજાએ નવા વર્ષ નિમિતે સૌ કોઈને નાસ્તાનો ઉપહાર કરાવ્યો હતો.

# વાવોલ પાસેથી ચોરીના બાઈક સાથે એક ઝડપાયો



ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એલસીબીની ટીમે બુધવારના રોજ ખ રોડથી વાવોલ મસ્જિદ તરફ જતા રોડ પરથી ચોરીના બાઈક સાથે એક શખ્સને ઝડપી પાડ્યો હતો. એએસઆઈ હજારીસિંહ અને તેમની ટીમે મળેલી માહિતી આધારે માણસાનાં બદપુરા દંતાણીવાસ ખાતે રહેતા સંદિપ રાજેશ દંતાણીને ઝડપીને બાઈકના આધાર પુરાવા માંગતા તે ગલ્લા-તલ્લા કરવા લાગ્યો હતો. આ બાઈક સાડા ત્રણ મહિના પહેલા રંગપુર ગામે રહેતા મહિપાલસિંહ ઉર્ફે ચેચું કૃષ્ણસિંહ ચાવડાએ કોઈ ગ્રાહક મળે તો વેચી દેવા પોતાને આપ્યુ હોવાની કેફિયત જણાવી છે. જે બાબતની રેકર્ડ ખાતરી કરતાં સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં આ અંગેનો ગુનો નોંધાયો હોવાનું ખુલ્યુ હતું. જેને પગલે ચોરીનુ બાઈક રિકવર કરી એલસીબીએ આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


# તડીપાર હોવા છતા ઘરે આવેલો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમે પ્રોહીબીશનના ગુનામાં હદપાર થયેલા શખ્સને રાંધેજા પાસેથી ઝડપી પાડયો છે. એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે પોલીસ કોન્સ્ટેબલ અનુપસિંહને બાતમી મળી હતી કે રાંધેજા ગામે મહુડા બસ સ્ટેન્ડ પાસે રહેતા મનુ વેચાતજી ઠાકોર હાલ જીલ્લામાંથી તડીપાર થયેલો છે તેમ છતા પોતાના ઘરે આવ્યો છે. જેને પગલે તાત્કાલિક તેને એલસીબીની ટીમે ઝડપી પાડયો હતો. આ રીઢા ગુનેગાર વિરૂદ્ધ દાખલ થયેલ પ્રોહિબીશનના ગુનાના આધારે તેને સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ ગાંધીનગર દ્વારા ૨૧ ફેબ્રુઆરીથી એક વર્ષ માટે ગાંધીનગર જિલ્લા સહિત અમદાવાદ શહેર-ગ્રામ્ય, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અવરવલ્લી, પાટણ જિલ્લાઓમાંથી હદપાર કરેલો હતો. જેને પગલે તેની સામે હવે હદપારીના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ઉદ્યોગ ભવન પાછળ પાર્ક કરેલી ગાડી અચાનક સળગી ઉઠતાં નાસભાગ







ગાંધીનગર, તા. ૧૪

અમદાવાદના મોટેરા વિસ્તારમાં વિઠ્ઠલ વાઈબ્રન્ટ સોસાયટીમાં રહેતા રાજેશભાઈ એન. પટેલ આજે સવારે પોતાની મારૂતિ એક્સ ક્રોસ ગાડી નંબર જીજે ૧ એચવી ૫૧૧૩ લઈને ગાંધીનગર શહેરના ઘર પાસે ઉદ્યોગ ભવન નજીક આવ્યા હતા. રમેશભાઈ પટેલે તેમને ગાડી ઉદ્યોગ ભવન પાછળ પાર્ક કરી હતી અને ત્યારબાદ પોતાના કામે નીકળ્યા હતા. રમેશભાઈ પોતાની ગાડી પાર્ક કરીને નિકળ્યા તેની ૧૦ જ મિનિટમાં અચાનક ગાડી સળગી ઉઠી હતી. આ મામલે તાત્કાલિક ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરી દેવાતા ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી. ગાડી જ્યાં પાર્ક કરી હતી તેની નીચે કચરો સળગતો હોવાથી આગ લાગી હોવાનુ પ્રાથમિક અનુમાન છે. સદભાગ્યે આ આગની ઘટનામાં સદભાગ્યે કોઈ જાનહાનિ કે કોઈ દાઝ્યા હોવાની ઘટના બની નથી.

# નિસર્ગ સાયન્સ ખાતે ‘વેકેશન વિજ્ઞાન સંગ’ અંતર્ગત વિવિધ વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દિવાળી વેકેશનમાં વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટી.વી., વિડિયોગેમ, ફિલ્મો વગેરેમાં જ વેડફે તે હેતુથી વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ અંતર્ગત તા. ૧૭ અને ૧૮ નવેમ્બર દરમિયાન સવારે ૯ થી ૧૧.૩૦ દરમિયાન નિસર્ગ સાયન્સ સેન્ટર સેકટર-૨૩ ખાતે વિવિધ વિજ્ઞાન પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓને પ્રિય એવા વિવિધ સાયન્સ વર્કશોપ યોજાશે. જેમાં મોડેલ રોકેટરી વર્કશોપ, એરોમોડેલીંગ વર્કશોપ, મેચસ્ટીક મોડેલ મેકીંગ, ફન વિથ કેમેસ્ટ્રી, સાયન્સ મોડેલ મેકીંગ વર્કશોપ ટેનગ્રામ વર્કશોપ યોજાશે.

આ વિજ્ઞાન પ્રવૃત્તિઓમાં ૧૦ થી ૧૫ વર્ષના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ વર્કશોપ અંગે વધુ માહિતી માટે નિસર્ગ સાયન્સ સેન્ટર, બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સે-૨૩ ખાતે રૂબરૂ સંપર્ક કરવો અથવા ફોન નં. ૨૩૨૩૫૨૧૫ અથવા મો. નં. ૯૪૨૬૪૫૧૧૦૨, ૯૦૯૯૩૮૨૯૩૬ પર પોતાના નામ નોંધાવવા અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. લાલબેન લક્ષ્મણભાઈ રબારી, ઉ.વ. ૧૧૫
- સ્વ. ઠાકોર લીલાજી ઈશાજી, ઉ.વ. ૭૧
- સ્વ. દિપકભાઈ મણીલાલ જાદવ, ઉ.વ. ૪૪
- સ્વ. દેવીદાસ લક્ષ્મણભાઈ ચૌધરી, ઉ.વ. ૫૮